# Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat


ક્રમાંક: કેસીજી/ISEL/૨૦૨૫-૨૬/૬૮૨ તા.૧૮-૦૭-૨૦૨૫

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ યુનિવર્સીટીઓ

ગુજરાત રાજ્ય

વિષય:- એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના (ISEL) અંગેની માહિતી અને વિડીયો આપની સંલગ્ન કોલેજોને આપવા બાબત

સંદર્ભ:- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૦૪/૦૭/૨૦૧૭ના રોજનો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૧૭-૨૨૭૧૪૯-ખ.

મહોદયશ્રી,

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે દેશ તેમજ વિદેશમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓ કે જેઓએ ધોરણ ૧૨ની પરીક્ષા ૬૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ સાથે પાસ કરેલ હોય તથા તેઓની કૌટુંબિક વાર્ષિક આવક રૂ. ૬.૦૦ લાખ સુધીની હોય અને તેઓએ ઉચ્ચ અભ્યાસ અર્થે શિડ્યુલ્ડ બેંક પાસેથી એજ્યુકેશન લોન લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓને રૂ.૧૦ લાખ સુધીની એજ્યુકેશન લોન પર મોરિટેરીયમ પિરિયડ (અભ્યાસક્રમનો સમયગાળો + 1 વર્ષ )સુધી એજ્યુકેશન લોન પરનું ૧૦૦% વ્યાજ સબસિડી તરીકે આપવા ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી **"એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના(ISEL)"** શરૂ કરવામાં આવી છે.

ઉપરોક્ત યોજના અંગેની માહિતી વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી સરળતાથી પહોંચી શકે અને મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવી શકે તે માટે આ સાથે સામેલ ઉક્ત યોજનાનું પેમ્પલેટ તેમજ વિડીયો આપની યુનિવર્સીટી તેમજ તેની સંલગ્ન તમામ કોલેજોની વેબસાઈટ, નોટિસબોર્ડ અને સોશિયલ મીડીયા પ્લેટફોર્મ પર મુકવા વિનંતી છે.

જોઈન્ટ સી.ઈ.ઓ
(એકાઉન્ટ & એડમીન)
કેસીજી, અમદાવાદ

બિડાણ:

૧) એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના(ISEL)નું પેમ્પલેટ

૨) એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના(ISEL)નો વિડીયો


Pragna Puram Campus, Opp. PRL, Near L.D. College of Engineering, Ahmedabad-380 015.
Ph. : 079-26302077 E-mail : support-kcg@gujgov.edu.in www : kcg.gujarat.gov.in